सत्यमेव जयते

| GJGS020027232022 | દાખલ તારીખ | ૧૨/૧૦/૨૦૨૨ | | |
|---|---|---|---|---|
| | નોંધ્યા તારીખ | ૧૨/૧૦/૨૦૨૨ | | |
| | નિર્ણય તારીખ | ૨૯/૦૬/૨૦૨૬ | | |
| | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૩ | ૦૮ | ૧૭ |

**વેરાવળના મે. એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ(શ્રી એ. વી. ચૌધરી) સાહેબની કોર્ટ સમક્ષ, મુ. વેરાવળ**

**<u>ફોજદારી કેસ નં. ૨૦૧૦/૨૦૨૨</u>**
**<u>આંક:–</u>**

| | | |
|---|---|---|
| **<u>ફરિયાદી</u>** | **:–** | શ્રી સરકાર<br>**(વેરાવળ સીટી પોલીસ સ્ટેશન ગુ. ર. નં. ૧૧૧૮૬૦૦૯૨૨૦૪૭૩/૨૦૨૨)** |
| | **<u>–:: વિરૂધ્ધ ::–</u>** | |
| **<u>આરોપી</u>** | **:–** | **(૧) પરેશભાઇ રમણીકલાલ મણીયાર,**<br>**(અલગ ચાર્જશીટનો હુકમ થયેલ છે)**<br>**(૨) પદમાબેન વા/ઓ રમણીકલાલ મણીયાર,**<br>ઉ. વ. ૬૩, ધંધો : ઘરકામ<br>**(૩) આનંદભાઇ રમણીકલાલ મણીયાર,**<br>ઉ. વ. ૩૪, ધંધો : વેપાર<br>**(૪) વૈશાલીબેન વા/ઓ આનંદભાઇ મણીયાર,**<br>ઉ. વ. ૩૯, ધંધો : ઘરકામ<br>રહે. બધા : વેરાવળ, હે. સલાટ સોસાયટી, રામ નિવાસ, તા. વેરાવળ, જી. ગીર–સોમનાથ. |
| **તહોમત** | **:–** | **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૫૦૪, ૧૧૪ તથા ગુજરાત પોલીસ એકટની કલમ–૧૩૫ મુજબ.** |

| | |
|---|---|
| ફરિયાદ પક્ષે | :– વિ.એ.પી.પી.શ્રી જે. એસ. પરમાર. |
| આરોપીઓ તરફે | :– વિ.વકીલશ્રી વી. પી. પ્રચ્છક. |

**–// ઠરાવ //–**

**ફરિયાદની વિગત :–**

(૧) આ કામે ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓ પાસે ફરિયાદીએ પોતાની મોટી દીકરી તનીષા ઉ. વ. ૧૩, વર્ષના અભ્યાસ માટે જાતીના દાખલો તથા તેના પિતાના નામના આવકના દાખલાની જરૂરીયાત હોય જેથી ફરિયાદી તે લેવા માટે પોતાની મોટી બહેન મીતાબેન ભીખુભાઇ પરમાર એમ બન્ને આરોપીઓના ઘરે વેરાવળ આવતા આરોપીઓએ ફરિયાદી તથા ફરિયાદીની બહેન સાથે ઝઘડો કરી જેમ ફાવે તેમ ભુંડી ગાળો આપવા લાગતા ફરિયાદીએ ગાળો બોલવાની ના પાડતા આરોપીઓ ઉશ્કેરાઇ જઇ આરોપી નં. ૧ નાઓએ ફરિયાદીને લોખંડની પાટ જેવું માથામાં મારેલ તથા આરોપી નં. ૨ નાએ ફરિયાદીને સોડાની ખાલી બોટલ માથામાં મારી માથામાં મુંઢ ઇજા કરેલ તેમજ આરોપી નં. ૩ નાઓએ સાહેદ મીતાબહેનને લાકડી વડે શરીરે આડેધડ માર મારી આરોપી નં. ૪ નાઓએ એકબીજાને મદદગારી કરી તથા મહે. જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, ગીર–સોમનાથના હથિયારબંધીના જાહેરનામા નો ભંગ કરી ગુન્હો કરેલ હોવાનો આક્ષેપ છે.

**પોલીસ તપાસ અને ચાર્જશીટ :–**

(૨) ઉપર મુજબની વિગતે ફરિયાદીએ ફરિયાદ આપતા તે ફરિયાદ અન્વયે વેરાવળ સીટી પોલીસ સ્ટેશન ગુ. ર. નં. ૧૧૧૮૬૦૦૯૨ ૨૦૪૭૩/૨૦૨૨ થી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૫૦૪, ૧૧૪ તથા ગુજરાત પોલીસ એકટની કલમ–૧૩૫ મુજબનો ગુનો નોંધવામાં આવેલ. ત્યારબાદ સુચિપત્ર તૈયાર કરી તેની તપાસ,

તપાસ કરનાર અમલદારશ્રીને સોંપતા પોલીસ તપાસ અંગેની કાર્યવાહી ચાલુ થયેલી હતી. જે અન્વયે તપાસને આનુસંગિક જરૂરી બધી જ કાર્યવાહી કરવામાં આવેલી હતી. ત્યારબાદ તપાસ કરનાર અમલદારશ્રીનને આ કેસના આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ કરવા જેટલો પુરતો પુરાવો હોવાનું જણાય આવતા તપાસ કરનાર અમલદારશ્રી તરફથી તપાસના અંતે ક્રિ.પ્રો.કોડની કલમ–૧૭૩ હેઠળ ચાર્જશીટ કરી અને ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રી, ગીર–સોમનાથ, મુ. વેરાવળ સમક્ષ રજૂ કરતાં જે ચાર્જશીટ ફોજદારી કેસ નં. ૨૦૧૦/૨૦૨૨ થી રજીસ્ટરે લઇ અત્રેની અદાલતમાં તબદીલ કરવામાં આવતા આરોપીઓ વિરૂધ્ધ આ કેસની ન્યાયિક કાર્યવાહી અત્રેની અદાલતથી ચલાવવામાં આવેલ છે.

**<u>કેસની કોર્ટ સમક્ષની કાર્યવાહી :–</u>**

(૩) આ કામના આરોપીઓ સામે કેસ રજીસ્ટરે લીધા બાદ સદરહુ કામે આરોપીઓને સમન્સ કરવામાં આવતા આરોપી નં. ૦૨ થી ૦૪ ના હાજર થયેલ, પરંતુ આ કામના આરોપી નં. ૦૧ મુદતે હાજર રહેતા ન હોય આરોપી નં. ૦૨ થી ૦૪ નાઓએ તેઓનો કેસ આરોપી નં. ૦૧ થી અલગ કરી આગળ ચલાવવા આંક–૧૨ થી અરજી આપતા જે મારા પુરોગામી ન્યાયાધીશશ્રી દ્વારા મંજૂર કરવામાં આવતા આરોપી નં. ૦૨ થી ૦૪ નો કેસ આરોપી નં. ૦૧ થી અલગ કરી ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે. ત્યારબાદ આ કામના આરોપી નં.૦૨ થી ૦૪ કોર્ટમાં હાજર રહેતા તેમને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે આપવામાં આવેલ. ત્યારબાદ ઉપરોકત ગુના સંબંધે આરોપી નં. ૦૨ થી ૦૪ વિરૂધ્ધ આંક–૧૩ થી તહોતનામું ફરમાવી, વાંચી, સંભળાવી, આંક–૧૪ થી આંક–૧૬ સુધીની આરોપીઓની પ્લી રેકર્ડ કરતાં તેમાં તેમણે ગુનો કર્યાનો ઇન્કાર કરતા આરોપીઓ વિરૂધ્ધ કેસની ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**<u>ફરિયાદ પક્ષે રજૂ થયેલ પુરાવા :–</u>**

(૪) ત્યારબાદ ફરિયાદ પક્ષ તરફે ટ્રાયલ દરમ્યાન નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ નોંધવામાં આવેલ છે.

**<u>(અ) મૌખિક પુરાવા :–</u>**

| અ. નં. | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| ૧. | ૨૦ | ફરિયાદી–વૈશાલીબેન રમણીકભાઇ મણીયારની જુબાની |
| ૨. | ૨૩ | સાહેદ–મિતાબેન ભીખુભાઇ પરમારની જુબાની |
| ૩. | ૩૨ | સાહેદ–નેમીષભાઇ રમેશભાઇ મુરબીયાની જુબાની |
| ૪. | ૩૩ | સાહેદ–હાર્દિકભાઇ દિનેશભાઇ ચાવડાની જુબાની |
| ૫. | ૩૬ | પંચ સાહેદ–અનિલભાઇ છગનભાઇ મુરબીયાની જુબાની |
| ૬. | ૩૮ | પંચ સાહેદ–મયુરીબેન અનિલભાઇ મુરબીયાની જુબાની |
| ૭. | ૪૫ | સાહેદ–ત.ક.અ. લખમણભાઇ માલાભાઇ નાગંશ ની જુબાની |

**<u>(બ) દસ્તાવેજી પુરાવા :–</u>**

| અ. નં. | આંક | દસ્તાવેજનું નામ |
|---|---|---|
| ૧ | ૨૧ | અસલ ફરિયાદ |
| ૨ | ૩૪ | બનાવવાળી જગ્યાના પંચનામાની ખરી નકલ |
| ૩ | ૩૭ | આરોપીને અટક કરી મુદ્દામાલ કબજે કર્યાના પંચનામાની ખરી નકલ |
| ૪ | ૪૬ | તપાસનો હુકમ |
| ૫ | ૪૭ | અસલ એફ.આઇ.આર. |
| ૬ | ૪૮ | હથિયારબંધીના જાહેરનામાની ખરી નકલ |
| ૭ | ૪૯ | ફરિયાદીના એમ.એલ.સી. સર્ટિફિકેટની ખરી નકલ |
| ૮ | ૫૦ | સાહેદના એમ.એલ.સી. સર્ટિફિકેટની ખરી નકલ |

ત્યારબાદ આ કામે ફરિયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીએ ફરિયાદ પક્ષનો પુરાવો પૂર્ણ થયાનું મૌખિક જાહેર કરેલ છે.

(૫) ઉપર મુજબના લેખિત તથા મૌખિક પુરાવા રજૂ થયા બાદ આરોપીઓ તેમની સામેના આક્ષેપો સંબંધે તેમના વિરૂધ્ધ જણાતી બાબતો અંગે ખુલાસો કરી શકે તે માટે જરૂરી જણાય તેવા સવાલો પુછવા આવશ્યક હોય અને આરોપીઓને તેમના બચાવનો પુરાવો રજૂ કરતાં પહેલા પ્રશ્નો પુછવા જરૂરી હોય તેથી ક્રિ. પ્રો. કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીઓનો વિશેષ જવાબ તેમની પ્લી લગત નોંધેલ છે જેમાં આરોપીએ ફરિયાદ પક્ષના પુરાવાનો ઈન્કાર કરી ફરિયાદ પક્ષ ના કેસની હકીકતોનો મહંદઅંશે ઈન્કાર કરેલ છે અને તેઓ પોતે સોગંદ ઉપર જુબાની આપવા માંગતા ન હોવાનું અને પોતે બચાવમાં સાક્ષી તપાસવા માંગતા ન હોવાનું જણાવી અને વિશેષમાં જણાવેલ છે કે,‘‘ અમો આરોપી સામે તદ્દન ખોટી ફરિયાદ કરેલ છે, અમોએ કોઇ ગુનો કરેલ નથી. અમે નિર્દોષ છીએ, અમોને છોડી મુકવા અરજ છે. ’’

(૬) ફરિયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી જે. એસ. પરમારની મૌખિક દલીલો સાંભળી. તેમજ આરોપી તરફે વિ.વ.શ્રી વી. પી. પ્રચ્છકની મૌખિક દલીલો સાંભળી.

(૭) આ કેસના સંજોગો તથા ઉપર મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ તેમજ બંને પક્ષકારોની દલીલો ધ્યાને લેતાં આ કેસનો નિર્ણય કરવા માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓ પાસે ફરિયાદીએ પોતાની મોટી દીકરી તનીષા ઉ. વ. ૧૩, વર્ષના અભ્યાસ માટે જાતીના દાખલો તથા તેના પિતાના નામના આવકના દાખલાની જરૂરીયાત હોય જેથી ફરિયાદી તે લેવા માટે પોતાની મોટી બહેન મીતાબેન ભીખુભાઇ પરમાર એમ બન્ને આરોપીઓના ઘરે વેરાવળ

આવતા આરોપીઓએ ફરિયાદી તથા ફરિયાદીની બહેન સાથે ઝઘડો કરી જેમ ફાવે તેમ ભુંડી ગાળો આપવા લાગતા ફરિયાદીએ ગાળો બોલવાની ના પાડતા આરોપીઓ ઉશ્કેરાઈ જઈ આરોપી નં. ૧ નાઓએ ફરિયાદીને લોખંડની પાટ જેવું માથામાં મારેલ તથા આરોપી નં. ૨ નાએ ફરિયાદી ને સોડાની ખાલી બોટલ માથામાં મારી માથામાં મુંઢ ઈજા કરેલ તેમજ આરોપી નં. ૩ નાઓએ સાહેદ મીતાબહેનને લાકડી વડે શરીરે આડેધડ માર મારી આરોપી નં.૪ નાઓએ એકબીજાને મદદગારી કરી ભારતીય દંડ સંહિતાની કલમ-૩૨૩, ૫૦૪, ૧૧૪ તથા મહે. જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી,ગીર-સોમનાથના હથિયાર બંધીના જાહેરનામાનો ભંગ કરી ગુજરાત પોલીસ એકટની કલમ-૧૩૫ મુજબ નો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ?

(૮) ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) '' નકારમાં ''

(૨) આખરી હુકમ મુજબ.

**<u>પુરાવાના મુલ્યાંકનના સર્વ સામાન્ય સિધ્ધાંત :-</u>**

(૯) ફરિયાદ પક્ષના પુરાવાનું મુલ્યાંકન કરતાં પહેલા અત્રે ઉલ્લેખનીય છે કે, ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત અનુસાર આરોપી વિરૂધ્ધનો ગુન્હો જયાંસુધી નિ:શંકપણે પુરવાર ન થાય ત્યાંસુધી આરોપી નિર્દોષ છે તેવું કાયદાનું અનુમાન છે. સાથે સાથે એક એવું પણ અનુમાન છે કે, જે સાહેદ વિટનેશ બોક્ષમાં આવી કોર્ટ રૂબરૂ સોગંદ ઉપરનો પુરાવો આપે છે તે સત્ય હકીકત જણાવે છે. પુરાવાનું મુલ્યાંકન કરવા અંગે ની કાયદામાં કોઈ ચોકકસ માર્ગદર્શિકા નથી,

પરંતુ દરેક કેસના અને હકીકતના સંદર્ભે રજૂ થયેલા પુરાવાનું મુલ્યાંકન કરવાનું રહે છે.

**<u>મુદ્દા નં. ૧ ના નિર્ણય માટેના કારણો :-</u>**

**(૧૦)** આ કામે ફરિયાદ પક્ષે આક્ષેપિત કેસ મુજબના ગુન્હાના આવશ્યક તત્વો તથા કાયદાકીય જોગવાઇઓ લક્ષમાં રાખી આરોપીઓ સામે ફરમાવેલ તહોમતનામા મુજબનો ગુન્હો ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે કે કેમ? તેના નિર્ણય સારૂ ફરિયાદ પક્ષે રજૂ થયેલ સમગ્ર પુરાવો નોંધી તેનું તબકકાવાર મુલ્યાંકન નીચે મુજબ કરવામાં આવેલ છે.

**<u>ફરિયાદીનો પુરાવો :-</u>**

**(૧૧)** આ કામે ફરિયાદ પક્ષે ફરિયાદી-વૈશાલીબેન રમણીકભાઇ મણીયાર કે જેઓ આ કામે ભોગ બનનાર પણ છે, તેઓ તેમની આંક-૨૦ થી રજૂ થયેલ સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તેણીના લગ્ન ૧૭ -૧૮ વર્ષ પહેલા પોરબંદર મુકામે થયેલા. તેણીના લગ્ન રમણીકલાલ મણીયારના દીકરા પરેશ સાથે થયેલા. આ લગ્ન તેઓની જ્ઞાતિના રીત-રીવાજ મુજબ તેણી તથા તેણીના પતિની તેમજ વડીલોની સંમતિથી વડીલોની હાજરીમાં થયેલા હતા. તેણીના લગ્ન બાદ તેણી તેના પતિ સાથે વેરાવળ મુકામે સલાટ સોસાયટીમાં રહેવા માટે આવેલી હતી અને તે વખતે તેઓ બધા સંયુક્ત કુટુંબમાં રહેતા હતાં, જેમાં તેણીના સાસુ પદમાબેન, સસરા રમણીકભાઈ, તેણીના દિયર આનંદભાઈ વગેરે સાથે રહેતા હતા. આ કામના આરોપી નં. ૧ તેણી ના લગ્નજીવન દરમ્યાન તેણીને બે દીકરીઓ તનિષા, ઉ. વ. ૧૭, તથા મનસ્વી, ઉ. વ. ૧૨ નો જન્મ થયેલો. જે બન્ને દીકરીઓ હાલ તેણીની સાથે રહે છે. આરોપી નં. ૧ સાથેના તેણીના શરૂઆતના લગ્નજીવન દરમ્યાન આરોપીઓ તેણીને સારી રીતે રાખતા હતાં. આરોપી નં. ૧ સાથેના લગ્નજીવન દરમ્યાન જેમ-જેમ દિવસો પસાર થતા ગયા, તેમ-તેમ આરોપી નં. ૧ તેણીને મારકૂટ કરતા અને

ગાળો દેતા હતા અને તેણી આ બધો ત્રાસ મુંગા મોઢે સહન કરતી હતી. ત્યારબાદ આરોપી નં. ૧ સાથેના લગ્નજીવન દરમ્યાન ૨૦૧૩ ની સાલમાં તેણીની નાની દીકરી મનસ્વીનો જન્મ પોરબંદર મુકામે થયેલો અને તે વખતે તેણી તેના માવતરના ઘરે હતી. મનસ્વીના જન્મ બાદ એક સાલ પછી આરોપીઓ તેણીને પોરબંદર મુકામે તેડવા આવેલા અને ત્યારબાદ વેરાવળ મુકામે તેણી અને આરોપી નં. ૧ અલગ રહેતા હતા. આરોપી નં. ૧ તેણીને વેરાવળ મુકામે લાકડા ના ધોકકા કે લાકડી વડે માર મારતા હતા. આ મારકૂટ કરવાનું કારણ એવું હતું કે આરોપી નં. ૧ તેણીને એવું કહેતા કે, તે તેણીને તેણીના માવતરથી અલગ કેમ કરેલ છે? હાલનો બનાવ આશરે ચારેક વર્ષ પહેલા સવા પાંચથી સાડા પાંચ વાગ્યાના સમયગાળા દરમ્યાન સલાટ સોસાયટીમાં તેઓના રહેણાંકી મકાન પાસે બનેલો. હાલનો બનાવમાં તેણીની મોટી દીકરી તનિષા સરકારી સ્કુલ, પોરબંદર  મુકામે અભ્યાસ કરતી હોય અને જેથી તેના અભ્યાસ અર્થે જાતિ અને આવકના દાખલાની જરૂરિયાદ ઉભી થતાં તેણી તેના પતિ પાસે ગયેલી અને તેને કહેલ કે આ દીકરી આપણા બન્નેની હોય, તેણીનું ભવિષ્ય આપણે બન્નેએ જોવાનું હોય, તેણીએ તેની પાસેથી જાતિના દાખલા અને આવકના દાખલાની માંગણી કરતાં, તેણે તેણીને ભુંડી ગાળો આપેલી અને કાઢી મુકેલી અને તે વખતે તેણી સાથે તેણીના મોટાબેન મિતાબેન પણ હાજર હતાં અને તે વખતે તેણીના પતિ પરેશ પાસે કોટા–સ્ટોનની પાટ તેની પાનની દુકાનમાંથી લઈને આવેલો અને તેણીને માથાના ભાગે મારી દીધેલ. ત્યારબાદ તેણીના પતિ પાનની દુકાનમાંથી કાચની બોટલ લઈને આવેલ અને તેણીને કપાળના ભાગે મારી દીધેલ. તે વખતે મોટાબેન મિતાબેન તેણીને છોડાવવા જતાં. તેણીના દિયર આરોપી નં. ૩ આનંદભાઈ તેમની કરિયાણાની દુકાનમાંથી લાકડી લઈને આવેલા અને તેણીની બેન મિતાબેનને હાથના ભાગે અને વાંસાના ભાગે મારેલ, જેમાં તેમને વધારે ઈજા થયેલી હતી અને તે વખતે તેણીના સાસુ આરોપી નં. ૨ તથા આરોપી નં. ૪ વૈશાલીબેન ત્યાં આવી

ગયેલ અને તેણીને તથા તેણીની બેન મિતાબેનને હાથ તેમજ ચપ્પલ વડે માર મારવા લાગેલ હતા. તેણીને તથા તેણીના બેનને ઈજા થતાં સારવાર અર્થે એક રીક્ષામાં બેસી સરકારી હોસ્પિટલ, વેરાવળ મુકામે સારવાર માટે ગયેલા. બનાવ સંબંધે તેણીની સારવાર કરી રહેલ નર્સીંગ સ્ટાફે બનાવ બાબતે તેણીની પુછપરછ કરેલી અને બનાવની હકીકત તેણી એ તેમને જણાવેલી. બનાવ બાબતે ચાલુ સારવાર દરમ્યાન સરકારી હોસ્પિટલમાં તેણીએ આરોપીઓ વિરૂધ્ધ ધોરણસર થવા માટે ફરિયાદ આપેલી. તેણીને તા. ૨૫/૦૮/૨૦૨૨ ના રોજની અસલ ફરિયાદ બતાવવામાં આવતા જેમાં નીચે તેણીની સહી છે, જે તેણીએ ઓળખી બતાવી અને જે ફરિયાદ આંક–૨૧ થી રજૂ કરેલ છે. તેણીને મુદ્દામાલ બતાવવામાં આવે તો તેણી જોયેથી ઓળખી શકે. તેણીને મુદ્દામાલ પાવતી નં. ફ. ૨૩૫/૨૦૨૨ ની વિગતે મુદ્દામાલ આર્ટીકલ નં. ૧ લોખંડની ચોરસ પટ્ટી આશરે ૨ ફુટ ૪ ઈંચ તથા આર્ટીકલ નં. ૨ એક લાકડાની ૨ ફુટની લંબાઈની લાકડી બતાવવા માં આવતા જે જોઈને તેણીએ કહેલ છે કે, જેના વડે આરોપીએ તેણી ને તથા તેણીની બહેનને માર મારેલ હોય, તે નથી. તેણીને આરોપી એ જે લાકડી વડે માર મારેલ તે લાકડી તુટેલી હતી અને લાંબી હતી, તેમજ એક કાચની બોટલ અને એક કોટા સ્ટોનની પાટ હતી. આરોપીઓને તેણી જોયેથી ઓળખે છે.

સદર ફરિયાદીએ આરોપીઓ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે, તેણીએ પાંચેક સાલ પહેલા રીસામણે પોરબંદર ગયેલી, તે વખતે આરોપીઓ તરફથી તેણીને દુઃખત્રાસ હોવાની હકીકત જણાવેલ છે તે બાબતે તેણીએ કોઈ પોલીસ ફરિયાદ કરેલી નહી. એ વાત ખરી છે કે, આરોપી નં. ૧ તેણીને ધોકા અને લાકડી વડે માર મારતા તે બાબતે તેણીએ કોઈ પોલીસ ફરિયાદ કરેલી નથી. એ વાત ખરી છે કે, ૨૦૧૩ થી તેઓ તેણીના સાસુ, દિયર–દેરાણી થી અલગ રહેતા હતા. એ વાત ખરી નથી કે, તેણીના સાસુ, દિયર–

દેરાણીથી અલગ થયા બાદ તેણીને તેમની સાથે કોઈ વ્યવહાર નહોતો. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, તેઓ તેમના ઘરે આવતા–જતા હતા. તેઓ વેરાવળ મુકામે બનાવ વખતે દાખલો લેવા માટે આવવાના છીએ તે અંગે તેણીના પતિને ફોનમાં વાત કરેલી હતી. એ વાત ખરી છે કે, તેણીના પતિ સાથે ફોનમાં વાત કરેલાની હકીકત તેણીએ તેની ફરિયાદમાં લખાવેલી નથી. બનાવ વખતે દાખલો લેવા માટે દુકાને ઉભીને તેણીના પતિ સાથે વાત કરેલી. એ વાત ખરી છે કે, તે વખતે તેણીના સાસુ તથા તેણીના દેરાણી તેમના મકાનમાં હતા. એ વાત ખરી નથી કે, તેણીના સાસુ તથા દેરાણી ઘરમાં હોય તેથી તેણીના પતિ સાથે તેણીને શું વાત થયેલી તેની તેને ખબર ન પડે. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, વાત સાંભળી સાસુ તથા દેરાણી રવેશમાં આવેલા. એ વાત ખરી છે કે, તેણીએ તેની ફરિયાદમાં એ હકીકત લખાવેલ નથી કે "તે વખતે મારા સાસુ આરોપી નં. ૨ તથા આરોપી નં. ૪ વૈશાલીબેન ત્યાં આવી ગયેલ અને મને તથા મારી બહેન મિતાબેનને હાથ અને ચપ્પલ વડે માર મારવા લાગેલ'". એ વાત ખરી છે કે, તેણીની ફરિયાદમાં તેણીના પતિએ તેણીને કોટા સ્ટોનની પાટથી માર મારેલ છે, તે હકીકત લખાવેલ નથી(સદર કોન્ટ્રાડિકશન માત્ર કોટા સ્ટોન પુરતુ છે.)

**<u>સાહેદ(ઈજા પમનાર)નો પુરાવો :–</u>**

**(૧૨)** વધુમાં, આ કામે ફરિયાદ પક્ષે સાહેદ–મીતાબેન ભીખુભાઇ પરમારને આંક–૨૩ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. જે આ કામના ફરિયાદીના બહેન છે. સદર સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાની માં જણાવેલ છે કે, તેઓ ચાર બહેન–ભાઈઓ છે, જેમાં ત્રણ બહેનો અને એક ભાઈ છે. તેઓ ચારેયમાં તેણી સૌથી મોટી છે અને ત્યારબાદ તેણીનો ભાઈ વિજય અને ત્યારબાદ વૈશાલીબેન અને શિલ્પા છે. વૈશાલીબેનના લગ્ન વેરાવળ મુકામે આશરે સોળ વર્ષ પહેલા પરેશભાઈ મણીયાર સાથે થયેલા. વૈશાલીબેને બાળકોમાં બે

દીકરીઓ છે. બનાવની ચોકકસ તારીખ તેણીને યાદ નથી, પરંતુ બનાવ આશરે એકાદ દોઢ વર્ષ પહેલા બનેલો.આ બનાવ વૈશાલીબેન ના ઘર પાસે સલાટ સોસાયટી વેરાવળ મુકામે બપોરના સમયે બનેલો. બનાવ સમયે તેણીની બહેન વૈશાલીએ તેણીના બનેવી પરેશભાઈ મણીયાર પાસેથી દીકરીઓના સ્કુલના આવક તથા જાતિ નો દાખલો અભ્યાસ અર્થે જરૂરી હોય, જે માંગતા અને તે અંગેની વાતચીત દરમ્યાન પરેશભાઈએ કાળા કલરના કોટા સ્ટોન વૈશાલીબેનને માથાના ભાગે મારી દીધેલ. તે વખતે તેણીએ તેના બનેવીને ધકકો મારેલો. જેથી તેણીના બનેવી તેમની પાન– ઠંડાપીણાની દુકાનમાંથી કાચની બોટલ લઈને આવેલા, જે તેણીએ ઝુંટવી લેતા, ત્યાં પાછળથી પરેશભાઈના ભાઈ આનંદભાઈ અને તેના મમ્મી પદમાબેન ઉપરના મકાનમાં રહેતા હોય ત્યાંથી આવેલા અને તે વખતે આનંદભાઈએ લાકડી વડે તેણીને માર મારેલ અને વૈશાલીબેનના સાસુ તેણીને પાછળથી ઢીકાપાટુથી માર મારવા લાગેલ અને તેણીને ધકકો લાગતાં તેણી પડી ગયેલી. જેમાં તેણીને જમણા હાથમાં લાગી ગયેલ અને તે વખતે આનંદભાઈએ પોલીસને બોલાવતાં ત્યાં પોલીસ આવેલી અને તે વખતે તેણીની બહેન વૈશાલીએ પણ લેડીસ પોલીસને ફોન કરતાં લેડીસ પોલીસ પણ આવી ગયેલ અને તે તેણીને સરકારી હોસ્પિટલે સારવાર માટે લઈ ગયેલા અને તેણીને તથા તેણીની બહેનને સારવાર માટે દાખલ કરેલા. ચાલુ સારવાર દરમ્યાન તેણીના દીકરાની તબિયત સારી ન હોય, જેથી સાંજના તેઓ દવાખાનેથી નીકળી ગયેલા. બનાવ સંબંધે હોસ્પિટલમાં એક ભાઈએ તેઓની પુછપરછ કરેલી. બનાવના દિવસે બનાવવાળી જગ્યાએ અન્ય કોઈ બનાવ બનેલ નહીં કે આરોપીઓ કંઈ બોલેલ નહીં. બનાવની પોલીસ ફરિયાદ બાદ પોલીસે તેઓનું નિવેદન નોંધેલું. તેણીને મુદ્દામાલ બતાવવામાં આવે તો તેણી જોયેથી ઓળખી શકે. તેણીને મુદ્દામાલ પાવતી નં. ફ. ૨૩૫/ ૨૦૨૨ ની વિગતે મુદ્દામાલ આર્ટીકલ નં. ૧ લોખંડની ચોરસ પટ્ટી

આશરે ૨ ફુટ ૪ ઇંચ તથા આર્ટીકલ નં. ૨ એક લાકડાની ૨ ફુટની લંબાઈની લાકડી બતાવવામાં આવે છે, જે જોઈને તેણી કહે છે કે જેના વડે આરોપીએ તેણીને તથા તેણીની બહેનને માર મારેલ હોય, તે નથી. તેણીને આરોપીએ જે લાકડી વડે માર મારેલ તે લાકડી તુટેલી હતી અને લાંબી હતી, તેમજ એક કાચની બોટલ અને એક કોટા સ્ટોનની પાટ હતી. આરોપીઓને તેણી જોયેથી ઓળખે છે. જેમાં આરોપી નં. ૨, ૩ હાજર છે.

સદર સાહેદે આરોપીઓ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે, બનાવના દિવસે તેણી તથા તેણીના બેન વૈશાલી બન્ને પોરબંદરથી સવારના છ–સાડા છ વાગ્યાની બસમાં નીકળેલા હતા. તેઓ બનાવના દિવસે વેરાવળ સવારના સાડા નવ–પોણા દસ વાગ્યે પહોંચેલા. તેઓ વેરાવળ આવેલા ત્યારે પહેલા એસ.પી. ઓફિસ, ઈણાજ મુકામે તેણીના બનેવી પરેશભાઈનું વોરંટ હોય, જેથી ત્યાં ગયેલા. એ વાત ખરી છે કે, તેઓ તે દિવસે વોરંટની બજવણી માટે વોરંટ આપવા માટે આવેલા.

**<u>સાહેદોનો પુરાવો :–</u>**

(૧૩) વધુમાં, આ કામે ફરિયાદ પક્ષે સાહેદ–નેમીશભાઇ રમેશભાઇ મુરબીયાને આંક–૩૨ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવની તારીખ હાલ તેઓને યાદ નથી, પરંતુ બનાવ આશરે ત્રણેક વર્ષ પહેલાં પરેશભાઇની દુકાન પાસે સાંજે પાંચ સવા પાંચ વાગે બનેલો. બનાવ સમયે તેઓ ત્યાં બાજુમાં બેઠો હતો. બનાવ સમયે પરેશભાઇ ના પત્ની કે જેનું નામ હાલ તેઓને યાદ ન હોય તે પરેશભાઈની દુકાને આવી બોલાચાલી કરતાં હતાં કઇ બાબતને લઇને બોલાચાલી થતી હતી તેની તેઓને ખબર નથી. પરેશભાઇની પત્નીને પરેશભાઇ એ કોર્ટમાં જવાનું કહેલ. આ સિવાય તેઓની હાજરીમાં અન્ય કોઈ

બનાવ બનેલ નહીં બનાવ બાબતે આ સિવાય તેઓ કાંઇ જાણતા નથી. બનાવની પોલીસ ફરિયાદ બાદ પોલીસે બનાવ બાબતે તેઓનું નિવેદન લીધેલું. પરેશભાઇ તથા તેની પત્નીને તેઓ જોયેથી ઓળખે છે. બીજા આરોપીઓ જે તેઓની બાજુમાં રહેતાં હોય જેથી તેઓ તેમને જોયેથી ઓળખતા હોવાનું જણાવી નામદાર કોર્ટમાં હાજર હોય ઓળખી બતાવેલ છે.

સદર સાહેદની આરોપીઓ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

(૧૪) વધુમાં, આ કામે ફરિયાદ પક્ષે સાહેદ–હાર્દિકભાઇ દિનેશભાઇ ચાવડાને આંક–૩૩ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવની તારીખ હાલ તેઓને યાદ નથી, પરંતુ બનાવ પરેશભાઇની દુકાન પાસે સાંજે પાંચ સવા પાંચ વાગે બનેલો. બનાવ કેટલા વર્ષ પહેલાં બનેલો તે હાલ તેઓને યાદ નથી. બનાવ સમયે તેઓ બનાવવાળી જગ્યાએ તેઓ તેના મિત્રની રાહ જોતો હતો ત્યારે પરેશભાઇનાં પત્ની તથા તેની સાથે એક બેન પરેશભાઇની દુકાને આવેલાં પરેશભાઇ પાસે કોઇ ડોકયુમેન્ટની માંગણી કરતાં હતાં તે વખતે પરેશભાઇએ કહેલ કે ડોકયુમેન્ટ તેઓના વકીલ પાસેથી લઇ લેજે તેમ કહેતાં ત્યાં ગાળાગાળી થયેલી. ત્યારબાદ શું બનેલ તેની તેઓને ખબર નથી. બનાવની પોલીસ ફરિયાદ બાદ પોલીસે બનાવ બાબતે તેઓનું નિવેદન લીધેલું. પરેશભાઇ તથા તેની પત્નીને તેઓ જોયેથી ઓળખે છે. બીજા આરોપીઓ જે તેઓની બાજુમાં રહેતાં હોય જેથી તેઓ તેમને જોયેથી ઓળખે જે નામદાર કોર્ટમાં હાજર હોય ઓળખી બતાવેલ છે.

સદર સાહેદની આરોપીઓ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

**<u>પંચ સાહેદનો પુરાવો :–</u>**

(૧૫) વધુમાં, આ કામે ફરિયાદ પક્ષે પંચ સાહેદ–અનિલભાઇ છગનભાઇ મુરબીયાને આંક–૩૬ થી તથા બીજા પંચ સાહેદ–મયુરીબેન અનિલભાઇ મુરબીયાને આંક–૩૮ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. જે બનાવવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદો છે. સદર પંચ સાહેદો પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તેઓને કોર્ટના રેકર્ડમાંથી તા. ૨૬/૦૮/૨૦૨૨ ના રોજનું આરોપી ના અટક પંચનામાની ખરી નકલ બતાવવામાં આવતા તે જોઇને કહેલ છે કે, તેમાં પંચમાં તેઓની સહીઓ છે. જે તેઓએ ઓળખી બતાવેલ છે. આશરે ત્રણેક વર્ષ પહેલા તેઓને રામભરોસા પોલીસ ચોકીએ બોલાવેલા. બનાવ બનેલો તેની પાછળની સાઇડમાં રહેતા હોવાથી પોલીસે આ અંગે પુછપરછ કરેલી. તેઓ પોલીસ સ્ટેશન ગયેલા ત્યારે ત્યાં પોલીસ સ્ટેશનમાં આનંદભાઇ રમણીકભાઇ મણીયાર, પરેશભાઇ રમણીકભાઇ મણીયાર તેમજ આનંદભાઇના પત્ની વૈશાલીબેન અને આનંદભાઇના મમ્મી કે જેનું નામ તેઓને યાદ નથી તે ત્યાં હાજર હતા. આ લોકોને પોલીસે (અટક) લઇ જવા બાબતે જાણ કરેલી અને આ લોકોએ તેઓની હાજરીમાં પોલીસ સમક્ષ કોઇ વસ્તુ રજૂ કરેલ હોય તેવું બનેલ નથી, આરોપી નં. ૩ હાજર હોય તેમને ઓળખી બતાવેલ છે, તેઓને કોર્ટની ફાઇલમાંથી પંચનામું બતાવવામાં આવતા જેમાં પંચ તરીકે તેઓની સહીઓ છે. જે ઓળખી બતાવેલ છે. જે આંક–૩૭ થી રજૂ છે. સદર પંચ સાહેદો ફરિયાદ પક્ષના કેસને તથા પંચનામાની હકીકતોને સમર્થન આપતા ન હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી સદર પંચ સાહેદોને ફરી ગયેલ જાહેર કરી અને ફરિયાદ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં સદર પંચનામાની હકીકતોને તથા ફરિયાદ પક્ષના કેસને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવતા નથી.

સદર પંચ સાહેદોએ આરોપીઓ તરફેની ઉલટ તપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, પાટણ દરવાજા પોલીસ સ્ટેશન જવાનો તેઓને કોઇ પ્રસંગ બનેલ નથી. એ વાત ખરી છે કે, રામભરોસા પોલીસ ચોકીએ પોલીસે એક તૈયાર લખાણમાં તેઓની સહી લીધેલી છે. એ વાત ખરી છે કે, તે લખાણમાં શું લખેલ હતું તે તેઓને ખ્યાલ નથી. એ વાત ખરી છે કે, આરોપીઓ તેઓની બાજૂમાં રહેતા હોય તેઓ તેમને પહેલાથી ઓળખે છે.

આમ,સદર પંચ સાહેદો સરતપાસમાં આરોપીને અટક કર્યા પંચનામા ને અંશત: સમર્થન કરતો પુરાવો આપેલ છે, પરંતુ આરોપીઓ તરફે ની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, પોલીસે તૈયાર પંચનામામાં તેઓની સહી કરાવેલી. જેથી ફરિયાદ પક્ષ સ્વતંત્ર અને તટસ્થ પંચ સાહેદની જુબાનીથી આંક-૩૭ વાળા આરોપીઓને અટક કર્યાના પંચનામાની હકીકતો પુરવાર કરી શકેલ નથી.

<u>**તપાસ કરનાર અમલદારનો પુરાવો :-**</u>

**(૧૬)** વધુમાં, આ કામે ફરિયાદ પક્ષે સાહેદ-લખમણભાઇ માલાભાઇ નાગંશને આંક-૪૫ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. જે આ કામના તપાસ કરનાર અમલદાર છે. સદર સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, ગઇ તા. ૨૫/૦૮/૨૦૨૨ ના રોજ તેઓ વેરાવળ સીટી પો.સ્ટે.માં તેઓની ફરજ ઉપર હોય એ દરમ્યાન વેરાવળ સીટી પો.સ્ટે. પી.એસ.ઓ. એન. જે મોકરીયા તરફથી તેઓને વેરાવળ સીટી પો.સ્ટે. ગુના નં. ០૪૭૩/૨૦૨૨ આઇ.પી.સી. કલમ-૩૨૩,૫૦૪,૧૧૪,જી.પી.એકટ-૧૩૫ મુજબ ની તપાસ પી.એસ.ઓ.એ સોંપતાં ગુનાની તપાસ તેઓએ સંભાળેલી. તપાસનો હુકમ આંક-૪૬ થી રજૂ છે. તપાસના હુકમની સાથે તેઓને અસલ ફરિયાદ મળેલી. તેઓને આંક-૨૧ વાળી અસલ ફરિયાદ બતાવવામાં આવતા તે તપાસના હુકમની સાથે

મળેલી હોય તે જ છે. તેઓને વેરાવળ સીટી. પો. સ્ટે.ના ગુન્હા રજી. નં.૦૪૭૩/૨૦૨૨ ની અસલ એફ.આઈ.આર. બતાવવામાં આવતા છે જેમાં પી.એસ.ઓ. તરીકે એન. જે મોકરીયાની સહી છે જે ઓળખી બતાવેલ છે. જે આંક–૪૭ થી રજૂ છે. તેઓને સદર ગુનાની તપાસ દરમ્યાન તા. ૨૬/૦૮/૨૦૨૨ ના રોજ બનાવવાળી જગ્યાનું પંચનામું બે પંચો રૂબરૂ કલાક ૦૯:૦૦ થી ૦૯:૩૦ સુધીનું કરેલ. તેઓને આંક–૩૪ વાળું પંચનામું બતાવવામાં આવતા જેમાં બે પંચો ની તેઓના રૂબરૂમાં સહી છે જે પંચનામું તેઓએ કરેલ હોય તે જ છે. સદર ગુનાની તપાસ દરમ્યાન તેઓએ તા. ૨૬/૦૮/૨૦૨૨ ના રોજ આ કામના આરોપી પરેશભાઇ રમણીકભાઇ મણીયાર, આનંદભાઇ રમણીકભાઇ, વૈશાલીબેન અનીલભાઇ તથા પદમાબેન રમણીકભાઇ વગેરેનાઓને અટક કરી શરીર સ્થિતિનું પંચનામુ કરેલ. આરોપી પરેશભાઇ તથા આરોપી આનંદભાઇનાઓએ ગુનાના કામે વાપરેલ મુદ્દામાલ લોખંડની પટી તથા લાકડી–૧ કબજે કરી વિગતવારનું પંચનામુ કરેલ. મુદ્દામાલની નોંધ મુદ્દામાલ પાવતીમાં કરેલ. પંચનામુ કલાક–૧૧:૩૦ થી ૧૨:૦૦ સુધી કરેલ. તેઓને આંક–૩૪ વાળું પંચનામું બતાવવામાં આવતા જે પંચનામું તેઓએ કરેલ હોય તે જ છે. સદર ગુનાની તપાસ દરમ્યાન તેઓએ લાગતા વળગતાં સાહેદોના નિવેદન લીધેલાં. બનાવ સમયે ડિસ્ટ્રીકટ મેજી. શ્રી ગીર સોમનાથનું જાહેરનામું અમલમાં હોય, જાહેરનામાની એક નકલ મેળવી તપાસના સાધનિક કાગળમાં સામેલ રાખી જેની અસલ ઉપરથી ખરી નકલ આંક–૪૮ થી રજૂ છે. આ કામમાં ઈજા પામનાર ફરિયાદી વૈશાલીબેન અને મીતાબેન ભીખુભાઇ પરમારનાઓએ સરકારી હોસ્પિટલ વેરાવળ મુકામે સારવાર લીધેલ હોય તેમને એમ. એલ.સી. સર્ટી મેળવવા માટે મેડિકલ ઓડિસરશ્રીને યાદી કરેલ. એમ.એલ.સી. સર્ટી આવી જતાં તપાસના સાધનિક કાગળમાં સામેલ રાખેલ જેની અસલ ઉપરથી ખરી નકલ ક્રમશ: આંક–૪૯ તથા ૫૦ થી રજૂ છે. સદર ગુનાની પુરતી તપાસના અંતે આ કામના આરોપી

વિરૂધ્ધ આઇ.પી.સી. કલમ–૩૨૩,૫૦૪,૧૧૪, તથા જી.પી. એકટ–૧૩૫ મુજબ ચાર્જશીટ કરવા માટે પુરતો પુરાવો નામદાર કોર્ટમાં ચાર્જશીટ ફાઈલ કરાવેલ. આરોપીને જોયેથી ઓળખી શકે.

સદર સાહેદે આરોપીઓ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે,તેઓએ ફરિયાદ વાંચેલી. એ વાત ખરી છે કે, આરોપીએ ફરિયાદીને ચપ્પલથી કે હાથવડે અને કોટા સ્ટોનના પાર્ટથી માર મારેલ છે તેવી હકીકત ફરિયાદમાં લખાવેલ નથી.

**સમગ્ર પુરાવાનું મુલ્યાંકન :–**

(૧૭) ઉપરોકત સમગ્ર વિગતે ફરિયાદ પક્ષે રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં, **આ કામે આરોપી નં. ૦૧ નો કેસ આરોપી નં. ૦૨ થી ૦૪ થી અલગ કરવામાં આવેલ હોય જેથી હાલના કામે આરોપી નં. ૦૨ થી ૦૪ પુરતો ન્યાય નિર્ણય કરવામાં આવે છે અને પુરાવાનું મુલ્યાંકન પણ આરોપી નં. ૦૨ થી ૪ પુરતું કરવામાં આવેલ છે.** આ કામે આરોપી નં. ૨ થી ૪ સામે ફરિયાદ પક્ષના કેસની હકીકત એવી છે કે, આ કામના આરોપીઓ પાસે ફરિયાદીએ પોતાની મોટી દીકરી તનીષા ઉ. વ. ૧૩, વર્ષના અભ્યાસ માટે જાતીના દાખલો તથા તેના પિતાના નામના આવકના દાખલાની જરૂરીયાત હોય જેથી ફરિયાદી તે લેવા માટે પોતાની મોટી બહેન મીતાબેન ભીખુભાઇ પરમાર એમ બન્ને આરોપીઓના ઘરે વેરાવળ આવતા આરોપીઓએ ફરિયાદી તથા ફરિયાદીની બહેન સાથે ઝઘડો કરી જેમ ફાવે તેમ ભુંડી ગાળો આપવા લાગતા ફરિયાદીએ ગાળો બોલવાની ના પાડતા આરોપીઓ ઉશ્કેરાઇ જઇ આરોપી નં. ૧ નાઓએ ફરિયાદીને લોખંડની પાટ જેવું માથામાં મારેલ તથા આરોપી નં. ૨ નાએ ફરિયાદીને સોડાની ખાલી બોટલ માથામાં મારી માથામાં મુંઢ ઈજા કરેલ તેમજ આરોપી નં. ૩ નાઓએ

સાહેદ મીતાબહેનને લાકડી વડે શરીરે આડેધડ માર મારી આરોપી નં. ૪ નાઓએ એકબીજાને મદદગારી કરેલ છે. હવે સદર ફરિયાદ હકીકત બાબતે આ કામે મહત્વના અને ભોગ બનનાર એવા ફરિયાદી વૈશાલીબેન રમણીકભાઇ મણીયારનો આંક−૨૦ થી સોગંદ ઉપર રજૂ થયેલ પુરાવો જોવામાં આવે તો તેમાં તેણીએ જણાવેલ છે કે, તેણીના દિયર આરોપી નં. ૩ આનંદભાઈ તેમની કરિયાણાની દુકાનમાંથી લાકડી લઈને આવેલા અને તેણીની બેન મિતાબેનને હાથના ભાગે અને વાંસાના ભાગે મારેલ, જેમાં તેમને વધારે ઈજા થયેલી હતી અને તે વખતે તેણીના સાસુ આરોપી નં. ૨ તથા આરોપી નં. ૪ વૈશાલીબેન ત્યાં આવી ગયેલ અને તેણીને તથા તેણીની બેન મિતાબેનને હાથ તેમજ ચપ્પલ વડે માર મારવા લાગેલ હતા. તેણીને તથા તેણીના બેનને ઈજા થતાં સારવાર અર્થે એક રીક્ષામાં બેસી સરકારી હોસ્પિટલ, વેરાવળ મુકામે સારવાર માટે ગયેલા. જયારે ફરિયાદીએ પોતાની ફરિયાદમાં આરોપી નં. ૨ નાએ તેણીને સોડાની ખાલી બોટલ માથામાં મારેલ અને આરોપી નં. ૩ નાએ તેની બેન મિતાબેનને લાકડી વડે શરીરે આડેધડ માર મારેલ હોવાનું જણાવેલ છે, જયારે આરોપી નં. ૦૪ નાએ કોઇ માર મારેલ હોય તેવી લેશમાત્ર હકીકત જણાવેલ નથી. તેમજ આરોપી તરફેની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, તેણીએ તેની ફરિયાદમાં એ હકીકત લખાવેલ નથી કે "તે વખતે મારા સાસુ આરોપી નં. ૨ તથા આરોપી નં. ૪ વૈશાલીબેન ત્યાં આવી ગયેલ અને મને તથા મારી બહેન મિતાબેનને હાથ અને ચપ્પલ વડે માર મારવા લાગેલ'". આમ, ફરિયાદીની ફરિયાદ અને સોગંદ ઉપરની જુબાનીમાં વિરોધાભાસી હકીકત રેકર્ડ ઉપર આવે છે. તે જ રીતે બનાવ સમયે અને સ્થળ ઉપર હાજર એવા ફરિયાદીના બેન કે જેઓ પણ આ કામે ભોગ બનનાર છે જે સાહેદ−મિતાબેન ભીખુભાઇ પરમારે આંક−૨૩ થી પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, આનંદભાઈએ લાકડી વડે તેણીને માર મારેલ અને વૈશાલીબેનના સાસુ તેણીને પાછળથી ઢીકાપાટુથી માર મારવા લાગેલ અને તેણીને ધકકો લાગતાં તેણી

પડી ગયેલી. જેમાં તેણીને જમણા હાથમાં લાગી ગયેલ,જયારે આરોપીઓ તરફેની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે,બનાવના દિવસે તેણી તથા તેણીના બેન વૈશાલી બન્ને પોરબંદરથી સવારના છ–સાડા છ વાગ્યાની બસમાં નીકળેલા હતા. તેઓ બનાવના દિવસે વેરાવળ સવારના સાડા નવ–પોણા દસ વાગ્યે પહોંચેલા. તેઓ વેરાવળ આવેલા ત્યારે પહેલા એસ.પી. ઓફિસ, ઈણાજ મુકામે તેણીના બનેવી પરેશભાઈનું વોરંટ હોય, જેથી ત્યાં ગયેલા, તેઓ તે દિવસે વોરંટની બજવણી માટે વોરંટ આપવા માટે આવેલા. આમ, સદર સાહેદનો પુરાવો જોતાં આ કામના આરોપી નં. ૦૪ બનાવ સમયે હાજર હોય કે તેમણે તેણીને કોઈ માર મારેલ હોય તેવી કોઈ હકીકત જણાવેલ નથી. તેમજ આરોપી નં. ૩ નાએ તેણીને પાછળથી ઢીકાપાટુથી માર મારવા લાગેલાનું જણાવેલ છે, જયારે ફરિયાદીએ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં તેણીની બહેન મિતાબેનને આરોપી નં. ૨ તથા ૪ નાએ હાથ તથા ચપ્પલ વડે માર મારેલ હવાનું જણાવેલ છે. વધુમાં, ફરિયાદી પોતાના સોગંદ ઉપરના પુરાવામાં તેણીની દીકરી તનશીના અભ્યાસ અર્થે જાતિ અને આવકના દાખલની જરૂરીયાત ઉભી તથા ફરિયાદી તેના પતિ પાસે આવેલ અને તેની માગણી કરતા બનાવ બનેલ હોવાનું જણાવે છે, જયારે ફરિયાદીના બહેન મીતાબેન પોતાના સોગંદ ઉપરના પુરાવામાં તેઓ વેરાવળ આવેલા ત્યારે પહેલા એસ.પી. ઓફિસ, ઈણાજ મુકામે તેણીના બનેવી પરેશભાઈનું વોરંટ હોય, જેથી ત્યાં ગયેલા, તેઓ તે દિવસે વોરંટની બજવણી માટે વોરંટ આપવા માટે આવેલા. આમ, ખુદ ફરિયાદી અને ફરિયાદીના બહેન મિતાબેનના સોગંદ ઉપરના પુરાવામાં અરસપરસ એકબીજાથી વિરોધાભાસી હકીકતો રેકર્ડ ઉપર આવતી હોય તે સંજોગોમાં ફરિયાદી તથા સાહેદ–મિતાબેનનો પુરાવો વિશ્વાસપાત્ર અને માનવાલાયક જણાતો નથી.

(૧૮) વધુમાં, આ કામે સાહેદ–નેમીશભાઇ રમેશભાઇ મુરબીયા પોતાના આંક–૩૨ ના સોગંદ ઉપરના પુરાવામાં ફરિયાદી અને તેના પતિ

વચ્ચે બોલાચાલી થતી હોવાનું જણાવેલ છે તે સિવાય તેઓની હાજરીમાં અન્ય કોઈ બનાવ બનેલ નહીં. બનાવ બાબતે આ સિવાય તેઓ કાંઈ જાણતા નથી તેવું જણાવેલ છે. તે જ રીતે આ કામે સાહેદ–હાર્દિકભાઇ દિનેશભાઇ ચાવડા આંક–૩૩ થી પોતાના સોગંદ ઉપરના પુરાવામાં ફરિયાદી અને તેના પતિ વચ્ચે ડોકયુમેન્ટ બાબતે ગાળાગાળા થયેલી ત્યારબાદ શું બનેલ તેની તેઓને ખબર ન હોવાનું જણાવેલ છે. આમ, સદર સાહેદોના પુરાવાથી પણ ફરિયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન મળતું નથી. આ ઉપરાંત આ કામે આંક–૩૭ થી રજૂ થયેલ પંચનામા અન્વયે આંક–૩૬ થી પંચ સાહેદ–અનિલભાઇ છગનભાઇ મુરબીચા તથા આંક–૩૮ થી પંચ સાહેદ–મયુરીબેન અનિલભાઇ મુરબીચાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર બંને પંચ સાહેદો આંક–૩૭ વાળા પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય ફરી ગયેલા સાહેદો જાહેર કરી ઉલટ તપાસ કરવા છતાં આંક–૩૭ વાળા પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી.

(૧૯) વધુમાં, આ કામે આંક–જપ થી તપાસ કરનાર અમલદાર લખમણભાઇ માલાભાઈ નાગંશ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં પોતે હાલના ગુન્હાના કામે તપાસ દરમ્યાન કરેલ કાર્યવાહીનું વિગતવાર વર્ણન કરેલ છે અને આરોપી નં. ર થી ૪ તરફેની ઉલટ તપાસમાં સ્વકારેલ છે કે, તેઓએ ફરિયાદ વાંચેલી. આરોપીએ ફરિયાદીને ચપ્પલથી કે હાથવડે અને કોટા સ્ટોનના પાર્ટથી માર મારેલ છે તેવી હકીકત ફરિયાદમાં લખાવેલ નથી. તેઓ ફરિયાદ પક્ષના કેસને સમર્થન કરે તે સ્વાભાવિક છે, પરંતુ તેમના પુરાવાથી અન્ય મહત્વ ના સાહેદોની જુબાની સાથે સમર્થન પ્રાપ્ત થતું હોવું અત્યંત જરૂરી છે. આમ તેમની જુબાનીથી ગુનાની તપાસ અંગેની કાયદા મુજબની પ્રક્રિયા કરેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવેલી છે, પરંતુ આ કામે ઉપરોકત જણાવ્યા મુજબ ફરિયાદ, અન્ય

મહત્વના સાહેદો તથા પંચ સાહેદોના સમગ્ર મૌખિક પુરાવાનું ઉપર કરેલ મુલ્યાંકન અનુસાર ફરિયાદ પક્ષે આક્ષેપિત ગુનામાં આ કામના આરોપી નં. ૦૨ થી ૦૪ ની સંડોવણી કોઇપણ રીતે પુરવાર થયેલી જણાય આવતી નથી અને તે સંજોગોમાં એકમાત્ર તપાસ કરનાર અમલદારશ્રીના પુરાવા પર આધાર રાખી આ કામના આરોપી નં. ૨ થી ૦૪ સામેનો આક્ષેપિત ગુનો વાજબી શંકાથી પર ફરિયાદ પક્ષ પુરવાર કરી શકેલ હોવાના તારણ ઉપર આવી શકાય તેમ નથી.

**(૨૦)** આમ, ઉપરોકત હકીકતોએ ફરિયાદ પક્ષે રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેવામાં આવે તો બનાવમાં આ કામના આરોપી નં. ૦૨ થી ૦૪ કહેવાતો ગુન્હો કરેલ હોય તેવો કોઈ ચોકકસ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. આ સંજોગોમાં હાલના આરોપી નં. ૦૨ થી ૦૪ ની આ ગુન્હામાં સંડોવણી હોવાનું સ્પષ્ટપણે જણાઈ આવતું ન હોય અને એ રીતે આરોપી નં. ૦૨ થી ૦૪ સામેનો આક્ષેપિત ગુન્હો પુરવાર થતો ન હોય રજૂ થયેલ પુરાવો ફરિયાદ પક્ષને મદદકર્તા થઈ શકે તેમ નથી. આ તમામ હકીકતો ધ્યાને લેતાં આ કામના આરોપી નં. ૦૨ થી ૦૪ વિરૂધ્ધ ફરમાવેલ તહોમતનામા મુજબનો ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૫૦૪, ૧૧૪ તથા ગુજરાત પોલીસ એકટની કલમ–૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો આચરેલ હોવાનું ફરિયાદ પક્ષ સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું માનું છું.

**(૨૧)** આમ, ઉપરોકત તમામ પુરાવા ફરિયાદ પક્ષના કેસને નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોવાનું મારૂ માનવું છે અને ઉપરોકત વિગતે ફરિયાદ પક્ષ આરોપી નં. ૦૨ થી ૦૪ સામેના આક્ષેપિત ગુન્હાના આવશ્યક તત્વો સાબિત કરી શકેલ ન હોય આરોપી નં. ૦૨ થી ૦૪ ને આક્ષેપિત ગુન્હાના કામે તકસીરવાન ઠરાવી શકાય તેમ ન હોય આ સંજોગોમાં મુદ્દા નં. ૧ નો નિર્ણય

"નકારમાં" ઠરાવી આરોપી નં. ૦૨ થી ૦૪ ને નિર્દોષ ઠરાવી છોડી મુકવા ન્યાયોચિત જણાતું હોય મુદ્દા નં. ૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>-:: આખરી હુકમ ::-</u>**

(૧) આ કામના આરોપી નં.(૨) પદમાબેન વા/ઓ રમણીલાલ મણીયાર, નં. (૩) આનંદભાઈ રમણીલાલ મણીયાર, તથા નં. (૪) વૈશાલીબેન વા/ઓ આનંદભાઈ મણીયાર, રહે. બધા : વેરાવળ, ઠે. સલાટ સોસાયટી, રામ નિવાસ, તા. વેરાવળ, જી. ગીર-સોમનાથવાળાને ક્રિ. પ્રો. કોડની કલમ -૨૪૮(૧) હેઠળ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૨૩, ૫૦૪, ૧૧૪ તથા ગુજરાત પોલીસ એકટની કલમ-૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે આંક-૧૨ માં થયેલ હુકમ મુજબ આ કામના આરોપી નં. ૦૧ પુરતુ અલગ ચાર્જશીટ કરવાનો હુકમ થયેલ હોય જેથી આરોપી નં. ૦૧ પુરતુ અલગ ચાર્જશીટ કરવા માટે જરૂરી યાદી કરવી.

(૩) આ કામે કબજે કરેલ મુદ્દામાલ અંગેનો નિર્ણય આ કામે આરોપી નં. ૧ પુરતુ અલગ ચાર્જશીટ કરવાનો હુકમ થયેલ હોય જેથી સદર કેસના આખરી નિર્ણય સમયે કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આ કામના આરોપીઓના જાત મુચરકા તથા જામીનખત રદ કરવાનો હુકમ કરવામાં આવે છે અને ક્રિ.પ્રો.કોડની કલમ-

૪૩૭(એ) મુજબ પ્રત્યેક આરોપીએ રૂા. ૫૦૦૦/- ના આગામી છ મહિનાના સમય માટેના નવા જામીન તથા જાત મુચરકા રજૂ કરવા.

હુકમ આજ તા. ૨૯મી, માહે-જુન, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : વેરાવળ
તારીખ : ૨૯/૦૬/૨૦૨૬

**(અંજુ વિજયસિંહ ચૌધરી)**
એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
વેરાવળ
**(કોડ નં. જીજે૦૧૨૫૦)**